PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/કવા–૦૩/૧૬–૧૭/ ૧૦૨૮૩ તા. ૨૨/૧૧/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ગૌરાંગભાઈ સુરેશકુમાર જાની,
– ભવાની કૃપા –,
ધારેશ્વર સોસાયટી,,
બાલાજી પાન વાળી શેરી,
ઢેબર રોડ (સાઉથ)
રાજકોટ
મો: ૯૩૨૭૦ ૬૯૯૩૯

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૭–૧૦–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૬/કવા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, સોરઠીયાવાડી પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૧૬/ક્વા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૧–૧૧–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: ગૌરાંગભાઈ સુરેશકુમાર જાની, ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : સોરઠીયાવાડી પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ)

રજુઆત કરનાર :એન.ડી.પનારા, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના જોડાણ નં. : ૩૧૭૦૩/૧૧૭૦૦/૦ મા, અગાઉ ની બાકી રૂ.૬૦૦/– ની વસુલાત ની કાર્યવાહી પીજીવીસીએલ ની સોરઠીયા વાડી પેટા વિભાગીય કચેરી તરફથી થયેલ છે. આ બાકી લેણી રકમ બાબતે પીજીવીસીએલ તરફથી કોઈ સ્પષ્ટતા ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી સ્પષ્ટતા કરતા, ફોરમ કમિટી ને જણાવવામા આવેલ છે કે, અરજદાર શ્રી ના જોડાણ નં. : ૩૧૭૦૩/૧૧૭૦૦/૦ મા, પીજીવીસીએલ તરફથી તા.૨૨–૦૭–૧૬ ના રોજ મીટર બદલાવવામા આવેલ હતુ. મીટર બદલાવ્યા પછી ના તા.૨૨–૦૭–૧૬ પછી નુ પ્રથમ બીલીગ, જે ૨૨૨ યુનીટ ( જુના મીટર ના હાલ ના ૧૨૦૮૪ અને પાછલા ૧૧૯૫૮ = ૧૨૬ યુનીટ, તેમજ નવા મીટર ના હાલ ના ૯૬ અને પાછલા ૦ = ૯૬ યુનીટ, આમ, ૧૨૬ + ૯૬ = ૨૨૨ યુનીટ) નુ રૂ.૧,૨૬૦/– નુ બીલીગ થયેલ હતુ. પરંતુ, સદર મીટર લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, મીટર મા છેલ્લા રીડીગ, ૧૨૦૮૪ ને બદલે, ૧૨૧૮૦ નોંધાયેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ હતી. આમ, જુના મીટર મા પડતર એવા ૯૬ યુનીટ ( લેબોરેટરી મા જણાયેલ છેલ્લા રીડીગ ૧૨૧૮૦ માથી, અગાઉ ના બીલ મા દર્શાવેલ જુના મીટર ના ૧૨૦૮૪ યુનીટ બાદ કરતા – બાકી રહેતા ૯૬ યુનીટ ) જે, અગાઉ ના ૨૨૨ યુનીટ વાળા, રકમ રૂ.૧,૨૬૦/– ના વીજબીલ મા ખરેખર ઉમેરવા યોગ્ય છે. હોવા છતા, જે તે સમયે ઉમેરી શકાયેલ ન હતા. સદર બાબત ને હાલ ભુલ સુધારણા ના ભાગરૂપ આવરી લેવાતા, સદર બાકી રહેતા ૯૬ યુનીટ ની રકમ રૂ.૬૬૦/– જે નિયમાધીન રીતે ખરેખર અરજદાર શ્રી પાસેથી વસુલાત ને પાત્ર હોય, હાલ ના સવાલવાળા બીલ મા, સદર જે રૂ.૬૬૦ જે ઉધાર કરાયેલ છે, તે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. પીજીવીસીએલ ની સબંધક સોરઠીયાવાડી પેટા વિભાગીય કચેરી તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને આ મુજબ ની વ્યવસ્થિત રીતે જાણકારી અપાયેલ હતી. તદ ઉપરાંત, શહેર વર્તુળ કચેરી રાજકોટ ના હિસાબ વિભાગના સક્ષમ વડા તરફથી પણ, ફરીયાદી અરજદાર શ્રી ને, તા.૧૦–૧૧–૧૬ ના રોજ કચેરી મા રૂબરૂ બોલાવી, અને સવાલવાળા બીલ મા ઉધારાયેલ રકમ બાબતે સ્પષ્ટતાજનક, નિયમાધીન સમજણ અપાયેલ હતી. જે ફરીયાદી અરજદાર શ્રી એ રાજીખુશી અને સંતોષ હેઠળ માન્ય રાખેલ હતી. આમ, હવે અરજદાર શ્રી ને સવાલવાળા બીલ મા ઉધાર કરાયેલ રકમ રૂ.૬૦૦/ રૂ૬૬૦ બાબતે, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, ફરીયાદી અરજદાર શ્રી એ તા.૧૦–૧૧–૧૬ ના રોજ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરી આપેલ છે. આમ, હવે અરજદાર ની સવાલવાળી ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતેની ફરીયાદ અરજી ના અનુસંધાને, અરજદાર શ્રી ના સવાલવાળા જોડાણ ના બીલ મા રહેલ ઉધાર રકમ બાબતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, યોગ્ય ,વ્યાજબી અને નિયમાધીન અંતર્ગત ની સમજણ અરજદાર શ્રી ને અપાયેલ હતી. જે અરજદાર શ્રી એ રાજીખુશી થી માન્ય રાખેલ છે. જેથી હવે, અરજદાર શ્રી ને સવાલવાળા બીલ મા રહેલ ઉધાર રકમ બાબતે, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, ફરીયાદી અરજદાર શ્રી એ તા.૧૦–૧૧–૧૬ ના રોજ નો લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરી આપેલ છે. આમ, હવે અરજદાર ની સવાલવાળી ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબંધક **હોય તો,** સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..